**પ્રશ્ન:આપની શાળાનું પુસ્તકાલય કઈ રીતે કાર્યરત છે? આપ તેને જીવંત રાખવા માટે અને વધુમાં વધુ બાળકોને તેનો લાભ મળે તે માટે ક્યા પ્રયત્ન કર્યા છે?**

તારણ: શિક્ષકો નીચે મુજબની પ્રવૃતિઓ શાળાના પુસ્તકાલ યને કાર્યરત અને જીવંત રાખવા માટે અને વધુમાં વધુ બાળકોને તેનો લાભ મળે તે માટે કરે છે:

- શાળામાંબાળકો માટે પુસ્તકો ખુલ્લા બોક્સમાં મુકવામાં આવ્યા છે જેથી વિદ્યાર્થીઓ નવરાશના સમયમાં તે વાંચે છે.
- શાળામાં પુસ્તકોને વિભાગ જેવા કે બાળ સાહિત્ય, ચિત્ર કથા, ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી પ્રમાણે ગોઠવવામાં આવ્યા છે અને વિદ્યાર્થીઓને ૧૫ દિવસ માં ૧ વખત પુસ્તક બદલવાનો સમય અપાય છે.
- શાળામાં પુસ્તકોનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા જ થાય છે અને મોનીટર વર્ગ પ્રમાણે પુસ્તકનું રજીસ્ટર પ્રમાણે ધ્યાન રાખે છે અને વાંચેલા પુસ્તકોની પ્રાર્થનાસભામાં રજૂઆત પણ થાય છે.
- વિદ્યાર્થીઓને પુસ્તક વાંચવા માટે પોઈન્ટ મળે છે અને જે વિદ્યાર્થીએ સૌથી વધુ પુસ્તક વાંચ્યું હોય તેને પોઈન્ટ પ્રમાણે ગીફ્ટ આપવામાં આવે છે જેથી અન્ય વિદ્યાર્થીઓ પણ પુસ્તક વાંચવા પ્રેરાય છે.
- ૧૭૦૦ જેટલા પુસ્તકને કોડ આપવામાં આવ્યા અને ધોરણ પ્રમાણે કમ્પ્યુટરમાં નાખેલ કોડ પ્રમાણે તેઓ આસાનીથી પુસ્તક પસંદ કરી શકે છે.કોડ લાઈબ્રેરીયન ને કહેવાથી તેઓ પુસ્તક આપે છે
- ઈ-બુકને કમ્પ્યુટર લેબમાં ઇન્સ્ટોલ કરવામાં આવી છે જેથી વિદ્યાર્થીઓ ગમે તે સમયે કમ્પ્યુટર દ્વારા પણ પુસ્તકોનું વાંચન કરે છે.
- શાળામા ઓપન પુસ્તકાલય બનાવવામા આવ્યુ. જેમા પુસ્તકોને વર્ગખંડ , પ્રાર્થનાખંડ, શાળાની લોબીની દિવાલ પર દોરી બાંધી તે દોરી પર બાળકની કક્ષા મુજબ પુસ્તકો લટકાવવામા આવ્યા. બાળકો પોતાની જાતે પુસ્તક લઈ શકે તેવી વ્યવસ્થા કરવામા આવી. જેથી બાળકો પોતાની ઇચ્છા , રસ-રુચિ મુજબ પુસ્તક વાચતા થયા છે.
- પુસ્તકાલયમાં સુચના પેટી પણ રાખવામાં આવી છે જેમાં વિદ્યાર્થીઓ ક્યાપ્રકારના પુસ્તકો વાંચવા જોઈએ તે અંગે જણાવે છે.
- જે પુસ્તક વાંચવામાં આવે છે તેનો પરિચય લખીને બુલેટીન બોર્ડ પર મુકવામાં આવે છે
- શિક્ષક પુસ્તકમાંથી પ્રશ્ન પૂછે છે જેના જવાબ વિદ્યાર્થીઓએ બીજે દિવસ આપવાના હોય છે જેથી તેઓ પુસ્તક વાંચવા પ્રેરાય છે.
- ગ્રામ્ય કક્ષાએ પુસ્તકાલયની સુવિધા ઘણી વાર ઉપલબ્ધ ન હોવાથી શિક્ષકે શાળાના પુસ્તકાલયને ગામલોકો માટે ખુલ્લું રાખ્યું છે જેથી વાલીઓ અને એસ.એમ.સી. સભ્યો પણ તે વાંચતા થયા છે.